ગુજરાત રાજયમાં મહારાષ્ટ્ર પેટર્નનો અમલ
કરવા અંગે..

સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-ટીએપી-૧૦૯૨-૧૯૨૮-છ
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૧૪-૩-૧૯૯૬.

વંચાણે લીધો:-મહારાષ્ટ્ર રાજયનો આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧-૯-૯૨નો
ઠરાવ નંબર:ટીએસપી- ૧૦૯૧-સીઆર-૧૧-ડી.૧.

ઠ ર વ:-

ગુજરાત રાજયમાં ટ્રાઈબલ એરિયા સબ પ્લાનના અમલીકરણમાં મહારાષ્ટ્ર સરકારની પેટર્નનો અમલ કરવા માટે છેલ્લા કેટલાક સમયથી ભારત સરકાર ધ્વારા સતત દબાણ થયા કરે છે. આ અંગે છેલ્લે નવી દિલ્હી ખાતે તા.૨૨-૯-૯૫ ના રોજ યોજાયેલ રાષ્ટ્રિય વર્કશોપમાં પણ રાજય સરકારોને મહારાષ્ટ્ર પેટર્નનો અમલ કરવા માટે સમજાવવામાં આવેલ. આ અંગે તાજેતરમાં માન. મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપદે મળેલી ઉચ્ચ કક્ષાની બેઠકમાં, ગુજરાત રાજયમાં મહારાષ્ટ્ર પેટર્નનો અમલ કરવા અંગેની બાબત વિચારવામાં આવેલ હતી.

૨. ગુજરાત રાજયમાં ટ્રાઈબલ એરિયા સબ પ્લાનમાં મહારાષ્ટ્ર સરકારની પેટર્નનો અમલ કરવા અંગેની બાબત નીતિ વિષયક હોઈ, તેનો રાજયમાં અમલ કરતાં પહેલાં તે અંગેની સબંધિત તમામ બાબતોની વિચારણા કરીને તેમજ તેના ગુણદોષો તપાસીને જ તેનો અમલ કરવામાં આવે તેવું નક્કી કરવામાં આવેલ છે.

૩. આ હેતુસર રાજય સરકારના ટ્રાઈબલ એરિયા સબ પ્લાનમાં મહારાષ્ટ્ર સરકારની પેટર્નનો અમલ કરવા અંગેની તમામ પાસાઓનો અભ્યાસ કરીને, જરુર જણાયે મહારાષ્ટ્રની રુબરુ મુલાકાત લઈને તમામ બાબતોને આવરી લેતો અભ્યાસ અહેવાલ છ માસમાં રજુ કરવા માટે નીચે જણાવેલ સમિતિની આથી રચના કરવાનું ઠરાવવામાં આવે છે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

(૧) સચિવશ્રી, (આર્થિક બાબતો), નાણાં વિભાગ
(૨) સચિવશ્રી(આયોજન), સામાન્ય વહીવટ વિભાગ
(૩) સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ.
(૪) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ

..૨..

ઉપરોક્ત સમિતિ દ્વારા રજૂ થયેલ અભ્યાસ અહેવાલ અન્વયે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ચર્ચા વિચારણા કરીને ગુજરાત રાજ્યમાં મહારાષ્ટ્ર પેટર્નનો અમલ કરવા અંગે યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.,

(શામજી પટેલ)
નાયબ સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ.
ગુજરાત સરકાર.

[illegible]
તા.: 14-3
સહી.......

ઉ/c
14-3

પ્રતિ,

૧. માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.
૨. માનનીય મંત્રીશ્રી, આદિજાતિ કલ્યાણના અંગત સચિવશ્રી,
૩. રાજ્યકક્ષાના માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી,
૪. મુખ્ય સચિવશ્રીના રહસ્યસચિવશ્રી,
૫. સચિવશ્રી, (આર્થિક બાબતો), નાણાં વિભાગ,
૬. સચિવશ્રી(આયોજન), સામાન્ય વહીવટ વિભાગ,
૭. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી.
૮. કમિશ્નર, આદિજાતિ વિકાસ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૭૩૯૬/નાવો